વિધાનસભામાં હાઈવોલ્ટેજ ડ્રામાનું સૂરસૂરિયું

પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ વિધાનસભા પક્ષના દંડક તરીકે રાજીનામું આપવા પહોંચ્યા અને પછી માની ગયા

કોઈ પ્રેશર ટેકનિક નહોતી, પરંતુ પક્ષમાં થયેલી કેટલીક નિમણૂકો બાબતે વિરોધ હતો: કિરીટ પટેલ

ગાંધીનગરઃ વિધાનસભામાં વિપક્ષના દંડક કિરીટ પટેલ દંડક પદેથી રાજીનામું આપશે, તેવા સવારથી ચાલી રહેલા રાજકીય ડ્રામાનો આજે સાંજે અંત આવ્યો હતો. રાજીનામું આપી દેવાની ચીમકી આખરે નાટક પુરવાર થઈ હતી. કિરીટ પટેલે પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અમીત ચાવડા સાથે ફોન પર વાત કરી હતી, તેના પગલે હવે રિસાયેલા કિરીટ પટેલ આખરે માની ગયા છે અને રાજીનામું આપવાનો નિર્ણય પરત લઈ લીધો છે.

વિધાનસભા ખાતે કોંગીના ધારાસભ્ય કિરીટ પટેલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, આ કોઈ પ્રેશર ટેકનિક નહોતી, પરંતુ પક્ષમાં થયેલી કેટલીક નિમણૂકો બાબતે વિરોધ હતો. 2017 અને 2022ની વિધાનસભા ચૂંટણીમાં તેમના વિરુદ્ધ કામ કરનારા લોકોને પ્રદેશ કક્ષાએ હોદ્દા આપવામાં આવ્યા હોવાથી નારાજગી વ્યક્ત કરી હતી. થોડા સમય પહેલાં રાધનપુરમાં મારી સામે વિરોધ કરનાર વ્યક્તિના વિરુદ્ધમાં કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. આ ઉપરાંત અનુસૂચિત જાતિ સેલમાં નિમણૂક કરવામાં આવી છે તે લોકોએ 2017 અને 2022ની વિધાનસભા ચૂંટણીમાં મારા વિરુદ્ધ કામ કર્યું હતું. પ્રદેશ કોંગ્રેસ સમિતિએ અમારી પાસે રિપોર્ટ માગતાં અમે જેના નામ આપ્યા હતા તેમને જિલ્લા પંચાયતના સભ્ય બનાવી દીધા છે. મારી વિરુદ્ધ કામગીરી કરનારા લોકોને પ્રદેશમાં હોદ્દા આપી દીધા છે. જે યોગ્ય નથી. આ બાબતથી નારાજ થઈને મેં રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો. કિરીટ પટેલે વધુમાં કહયું હતું કે તેમણે ઉમેર્યું કે, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જન આક્રોશ યાત્રા પૂર્ણ થયા બાદ તમામ મુદ્દાઓ પર યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપી છે. પાર્ટીમાં ખાનગી રિપોર્ટ માગતાં તેમણે સંબંધિત લોકોના નામ આપ્યા હોવાનું જણાવ્યું છે. પક્ષ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે ત્યારે નામ જાહેર કરવામાં આવશે તેવી તેમણે ખાતરી આપી છે.

પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ દંડક પદે રાજીનામું આપવા વિધાનસભા પહોંચ્યા હતા. તેઓ વિધાનસભામા વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરીના કાર્યાલયમાં પહોંચ્યા હતા. જોકે, તુષાર ચૌધરી કાર્યાલયમાં ગેરહાજર જોવા મળ્યા હતા. કોંગ્રેસ કાર્યાલયમાંથી ડો.કિરીટ પટેલે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. પટેલે માંગ કરી હતી કે મારી વિરૂદ્ધ કામ કરનારા લોકોને પાર્ટીના હોદ્દા પરથી દૂર કરવા જોઈએ. અમીત ચાવડા સાથે ફોન પર વાતચીત કર્યા બાદ કોંગીના ધારાસભ્ય કિરીટ પટેલ માની ગયા હતા, અને તેમણે રાજીનામું આપવાનું માંડી વાળ્યું હતું.

ઠંડી વધી, આજે 31મી ડિસે.એ સહેલાણીઓને મજા આવી જશે

ગાંધીનગરઃ રાજ્યમાં 48 કલાક પછી ઠંડી વધવાની સંભાવના છે. ઠંડી વધવાને કારણે આવતીકાલે લોકોને 31મી ડિસે. ની ઉજવણીમાં મજા આવી જશે. આજે દિવસ દરમિયાન રાજ્યમાં કચ્છના નલિયામાં 12.6 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. જો કે હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજ્યમાં 3 ડિગ્રી જેટલી ઠંડી વધવાની છે, એટલે કે ઠંડીનો પારો 3 ડિગ્રી સુધી નીચે ગગડી જશે. રાજ્યમાં હવે 48 કલાક પછી કાતિલ ઠંડીનો રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર- કચ્છ ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતને તેની અસર થશે. આજે મંગળવારે કચ્છના નલિયામાં ઠંડીનો પારો નીચે ગગડી જવા પામ્યો હતો. હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યના અન્ય શહેરો પૈકી ભૂજમાં 16 ડિ.સે., નલિયામાં 12.6 ડિ.સે., કંડલા પોર્ટ પર 17 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 14 ડિ.સે., અમરેલીમાં 13 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે., રાજકોટમાં 14 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 16 ડિ.સે., મહુવામાં 14 ડિ.સે., કેશોદમાં 13 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે.,ડીસામાં 14 ડિ.સે., ગાંધીનગરમાં 14 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 16 ડિ.સે., વડોદરામાં 15 ડિ.સે., સુરતમાં 16 ડિ.સે. અને દમણમાં 16 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

બાંગલા દેશનાં કટ્ટરપંથી સંગઠનો ગ્રેટર બાંગલા દેશ બનાવવાની યોજના તૈયાર કરી રહ્યાં છે

ભારતને અરબી સમુદ્રને બાદ કરતાં બાકીની ત્રણેય દિશામાં નઠારા પડોશીઓ મળ્યા છે. પશ્ચિમમાં પાકિસ્તાન ઉબાડિયાં કર્યા કરે છે તો પૂર્વમાં બાંગલા દેશના વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ ભારતવિરોધી તત્ત્વો અને ગ્રેટર બાંગલા દેશ ચળવળને પ્રોત્સાહન આપનારાઓના હાથની કઠપૂતળી બની રહ્યા છે. ૧૯૭૨માં પાકિસ્તાનના ભાગલા થયા અને બાંગલા દેશનું નિર્માણ થયું ત્યારે આપણને હતું કે હવે પૂર્વની સરહદે ભારત માટે કોઈ ચિંતા નહીં રહે પણ તે આશા ધૂળમાં મળી ગઈ છે. મોહમ્મદ યુનુસ હવે ફક્ત પાકિસ્તાન સાથેની મિત્રતા જ મજબૂત કરી રહ્યા નથી, પરંતુ કથિત રીતે કટ્ટરપંથી ઇસ્લામિક એજન્ડાને પણ પ્રોત્સાહન આપી રહ્યા છે. બાંગલા દેશ સરકારના મંત્રીઓ અને અધિકારીઓ પાકિસ્તાનતરફી જમાત-એ-ઇસ્લામી અને હિઝબુત-તહરિર જેવાં ઉગ્રવાદી જૂથોના પ્રભાવ હેઠળ કાર્યરત છે. તાજેતરમાં મોહમ્મદ યુનુસે પાકિસ્તાની હાઇ કમિશનર સાથે મુલાકાત કરી છે અને બંને દેશો વચ્ચે મિત્રતા પર ભાર મૂક્યો છે.

ભારત સરકારે ઢાકામાં સક્રિય સુલ્તાનત-એ-બાંગ્લા નામના ઇસ્લામિક જૂથની નોંધ લીધી છે. આ જૂથે કહેવાતા ગ્રેટર બાંગલા દેશનો નકશો બહાર પાડ્યો છે, જેમાં ભારતના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. ભારતના વિદેશપ્રધાન એસ. જયશંકરે જણાવ્યું હતું કે આ જૂથને તુર્કી યુથ ફેડરેશન દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, જે એક બિનસરકારી સંસ્થા છે. સલ્તનત-એ-બાંગ્લાએ આ વર્ષની શરૂઆતમાં શાહબાગમાં ઢાકા યુનિવર્સિટીના ટીચર્સ સ્ટુડન્ટ સેન્ટર ખાતે આયોજીત એક કાર્યક્રમમાં ગ્રેટર બાંગલા દેશનો નકશો બહાર પાડ્યો હતો, જે પ્રતિષ્ઠિત સંસ્થા હવે અલગતાવાદી જૂથનું કામચલાઉ મુખ્યાલય છે. ઇન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ જૂથ બાંગલા દેશમાં કટ્ટરપંથી વિચારધારાઓને પુનર્જીવિત કરવાનો અને ખાસ કરીને ગ્રેટર બાંગલા દેશની તરફેણમાં યુવાનોને એકત્ર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ સંગઠન લાંબા સમયથી મધ્યયુગીન બંગાળ સલ્તનતના વારસાને આગળ ધપાવી રહ્યું છે. સલ્તનત-એ-બાંગ્લાનું નામ બંગાળ સલ્તનત પરથી પાડવામાં આવ્યું છે, જે એક સ્વતંત્ર મુસ્લિમશાસિત રાજ્ય હતું, જેણે ઇ.સ. ૧૩૫૨ થી ૧૫૩૮ વચ્ચે આજના બંગાળ આજુબાજુ શાસન કર્યું હતું.

સુલ્તાનત-એ-બાંગ્લા જૂથ દ્વારા બહાર પાડવામાં આવેલા ગ્રેટર બાંગલા દેશના નકશામાં મ્યાનમારનો અરાકાન પ્રદેશ અને ભારતના ઘણા ભાગોનો પણ સમાવેશ થાય છે, જેમાં પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ત્રિપુરા, આસામ, બિહાર, ઓડિશા અને અન્ય ઉત્તરપૂર્વીય રાજ્યો આવેલાં છે. ભારતીય એજન્સીઓ મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની બાંગલા દેશમાં વચગાળાની સરકાર સાથે આ જૂથના ગાઢ સંબંધો અંગે ચિંતિત છે. આ સંસ્થાનું ભંડોળ યુનુસની પુત્રી દીના અફરોઝ યુનુસ સાથે જોડાયેલું છે. તે એક NGO CSS બાંગલા દેશની

મુખ્ય ફાઇનાન્સર હોવાનું કહેવાય છે. આ NGO ને સંસ્થાની શાખા માટે યુવાનોના ભરતી કેન્દ્ર તરીકે ઓળખવામાં આવ્યું છે.

તાજેતરમાં બાંગલા દેશના કટ્ટરપંથી નેતા અને ઇન્કલાબ મંચના પ્રવક્તા શરીફ ઉસ્માન હાદીની હત્યાએ મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની સરકારની ભૂમિકા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. આ ઘટનાથી સરકારને ફાયદો થવાની આશંકા છે પણ આગામી મહિનાઓમાં બાંગલા દેશમાં કેટલાં વધુ લોકો જીવ ગુમાવી શકે છે તે અંગે પ્રશ્નો ઊભા થાય છે. ઇસ્લામિક ધાર્મિક શિક્ષણ પૃષ્ઠભૂમિ ધરાવતો ઉસ્માન હાદી છેલ્લા એક વર્ષથી ટી.વી. પર કટ્ટરપંથી ભાષણો, પત્રકારો અને રાજકીય વિવેચકો વિરુદ્ધ ભડકાઉ ટિપ્પણીઓ અને બાંગલા દેશના ૧૯૭૨ના મુક્તિયુદ્ધનાં પ્રતીકો પર હુમલાઓ માટે સમાચારમાં હતો. તેણે ગ્રેટર બાંગલા દેશના વિચારને પણ પ્રોત્સાહન આપ્યું હતું, જેમાં ભારતના કેટલાક ભાગોનો સમાવેશ કરવાની હાકલ કરવામાં આવી હતી. મોહમ્મદ યુનુસ વહીવટીતંત્રે ૧૧ ડિસેમ્બરના રોજ, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. તેના થોડા સમય પછી ઉસ્માન હાદીએ ઢાકા-૮ બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો. તેના બીજા જ દિવસે મોટરસાયકલ-સવાર હુમલાખોરે તેને ધોળા દિવસે માથામાં ગોળી મારી ઠાર કર્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે હુમલો કરનાર ભૂતપૂર્વ નિમ્ન-સ્તરીય આવામી લીગ વિદ્યાર્થી નેતા હતો, જેને ઓગસ્ટ ૨૦૨૪ માં ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી પછી શસ્ત્ર લૂંટના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં તેને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. આ જામીન પરની મુક્તિ ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. બાંગલા દેશની જેલો વૃદ્ધ કેદીઓથી ભરેલી છે અને અદાલતો સરકારના એક્ઝિક્યુટિવ ઓર્ડર જામીન આપે છે. પરિણામે પ્રશ્ન એ ઊભો થાય છે કે ખૂનનો આરોપી સહેલાઈથી જામીન કેવી રીતે મેળવી શકે છે. વિડીયો ફૂટેજના આધારે એવું બહાર આવ્યું છે કે ઉસ્માન હાદી પર હુમલો કરનાર અગાઉ તે જ જૂથ સાથે સંકળાયેલો હતો જેનો તે પોતે ભાગ હતો. યુનુસ વહીવટીતંત્રે સેંકડો આતંકવાદીઓના જામીન મંજૂર કર્યા છે અથવા આરોપો રદ કર્યા છે, જેના કારણે અહેવાલમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે શું હુમલાખોર એ જ જૂથનો ભાગ હતો, જેના પર વચગાળાની સરકાર આધાર રાખતી હતી.

સુલ્તાનત-એ-બાંગ્લાનાં કાર્યોને ટર્કિશ યુથ એસોસિએશન દ્વારા સમર્થન આપવામાં આવે છે, જે એક બિન-સરકારી સંસ્થા છે, જે જૂથને નાણાંકીય અને વૈચારિક ટેકો પૂરો પાડે છે. આ જૂથનો ઉદય બાંગલા દેશમાં ભારે અનિશ્ચિતતાના સમયે થયો છે. યુનુસ સરકાર પર કટ્ટરપંથી ઇસ્લામિક જૂથો સાથે સાંઠગાંઠનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેમના કાર્યકાળ દરમિયાન જમાત-એ-ઇસ્લામી શક્તિશાળી બની હતી. યુનુસે સત્તા સંભાળ્યા પછી જમાત પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો, પરંતુ તેમણે તેના સભ્યોને વચગાળાની સરકારમાં ભાગ લેવાની અને નિર્ણયો લેવાની મંજૂરી આપી. વધુમાં, યુનુસના નેતૃત્વ હેઠળ પાકિસ્તાને બાંગલા દેશમાં પોતાનો પ્રભાવ જાળવી રાખ્યો છે. પાકિસ્તાની અધિકારીઓ માટે વિઝા નિયમો હળવા કરવામાં આવ્યા છે અને ઇસ્લામાબાદનો દરિયાઈ માર્ગ પણ ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આવા વિકાસથી ભારતીય એજન્સીઓ સલ્તનત-એ-બાંગ્લા અને તેના ઉદય અંગે ચિંતિત છે. ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારે એવા અહેવાલોની નોંધ લીધી છે કે ઢાકામાં સલ્તનત-એ-બાંગ્લા નામના ઇસ્લામિક જૂથે કહેવાતા ગ્રેટર બાંગલા દેશનો નકશો બહાર પાડ્યો છે, જેમાં ભારતના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. આ નકશો ઢાકા યુનિવર્સિટીમાં પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

શેખ હસીનાએ બાંગલા દેશના વડા પ્રધાનપદેથી રાજીનામું આપ્યા બાદ બે કટ્ટરપંથી સંગઠનો ખૂબ ખુશ છે. એક જમાત-એ-ઇસ્લામી અને બીજું હિફાઝત-એ-ઇસ્લામ બાંગલા દેશ. આ બે સંગઠનો હાલમાં એક નવું બાંગલા દેશ બનાવવાની યોજના તૈયાર કરી રહ્યાં છે. આની કેટલીક તસવીરો સોશ્યલ મીડિયા પર વાયરલ પણ થઈ છે. આમાં ભારતના પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, ત્રિપુરા અને મ્યાનમારના કેટલાક ભાગોનો પણ સમાવેશ થાય છે. ગુપ્તચર એજન્સીઓને આ સંદર્ભમાં ઇનપુટ મળ્યા છે. બંને કટ્ટરપંથી સંગઠનો ગ્રેટર બાંગલા દેશ બનાવવા અને ત્યાં શરિયા કાયદો લાગુ કરવાની ઇચ્છા ધરાવે છે. બાંગલા દેશની વચગાળાની સરકારમાં ધાર્મિક બાબતોના મંત્રી અબુલ ફયાઝ ખાલેદ હુસૈનની નિમણૂકથી આ દાવાને વધુ મજબૂતી મળે છે.

ખાલિદ હુસૈન કટ્ટરપંથી સંગઠન હિફાઝત-એ-ઇસ્લામ બાંગલા દેશ સાથે સંકળાયેલા છે. આ સંગઠન અનેક વખત કટ્ટરપંથી પ્રવૃત્તિઓમાં ફસાયેલું રહ્યું છે. હિફાઝત-એ-ઇસ્લામ બાંગલા દેશનો ઉદ્દેશ એશિયામાં બીજું અફઘાનિસ્તાન બનાવવાનો છે. બંને સંગઠનો બાંગલા દેશમાં હિંસા ફેલાવવા અને ભારતવિરોધી એજન્ડાને અનુસરવા માટે જાણીતાં છે. ખાલેદ હુસૈન બાંગલા દેશમાં અસ્થિરતાનો લાભ લઈને પોતાના ખતરનાક એજન્ડાને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. ખાલેદ હવે ધાર્મિક બાબતોના મંત્રી બન્યા છે અને તેમના કાર્યકરોને જેલમાંથી મુક્ત કરવા માટે વચગાળાની સરકાર પર દબાણ કરી રહ્યા છે. ચિત્તાગોંગ હિફાઝત-એ-ઇસ્લામ બાંગલા દેશનું એક મુખ્ય કેન્દ્ર છે. ભારતને હવે પાકિસ્તાનની જેમ બાંગલા દેશ સાથે યુદ્ધ કરવાની તૈયારી રાખવી પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ગ્રેટર બાંગલા દેશના નકશામાં ભારતના ઘણા ભાગોનો પણ સમાવેશ થાય છે, જેમાં પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ત્રિપુરા, આસામ, બિહાર, ઓડિશા અને અન્ય ઉત્તરપૂર્વીય રાજ્યો આવેલાં છે

ભાગીને લગ્ન કરવું અઘરું બનશે, ક્લાસ-2 અધિકારીની મંજૂરી ફરજિયાત

ગાંધીનગરઃ ભાગીને લગ્ન કરનારા યુગલોની લગ્ન નોંધણી માટે સરકાર નવા નિયમો લાવવાની તૈયારીમાં છે. આવતીકાલે મળનારી કેબિનેટ બેઠકમાં સુધારેલા નિયમોને મંજૂરી મળી શકે છે. નવા પ્રસ્તાવ મુજબ ક્લાસ-2 અધિકારીની મંજૂરી વગર સીધી લગ્ન નોંધણી થઈ શકશે નહીં. ભાગીને લગ્ન કરનાર યુગલોની લગ્ન નોંધણીની પ્રક્રિયા અંગે સરકાર મોટા ફેરફાર કરવાની તૈયારીમાં છે. આવતીકાલે મળનારી રાજ્ય સરકારની કેબિનેટ બેઠકમાં લગ્નની નોંધણી સંબંધિત સુધારેલા નિયમોને મંજૂરી મળવાની શક્યતા છે. જો આ પ્રસ્તાવને લીલી ઝંડી મળશે તો સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. પ્રસ્તાવિત નિયમો મુજબ, ભાગીને લગ્ન કરનારા યુગલોની લગ્નની નોંધણી માટે હવે ક્લાસ-2 અધિકારીની અંતિમ મંજૂરી ફરજિયાત બનાવવામાં આવશે. ક્લાસ-2 અધિકારીની મંજૂરી વગર સીધી રીતે લગ્ન નોંધણી શક્ય નહીં રહે. હાલ તલાટી-કમ-મંત્રી દ્વારા કરવામાં આવતી પ્રક્રિયા બાદ અરજીને ઉચ્ચ અધિકારી સમક્ષ મોકલવાની જોગવાઈ રાખવામાં આવી છે.

PPP મોડલ પર AI સંસ્થા ઊભી કરનાર ગુજરાત બન્યું દેશનું પ્રથમ રાજ્ય

ગિફ્ટ સિટીમાં ઇન્ડિયન એઆઈ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરાશે

IAIROની સ્થાપના માટે મુખ્યમંત્રીની સૈદ્ધાંતિક મંજૂરી, 1 જાન્યુઆરી 2026થી કાર્યરત બનશે

પ્રથમ પાંચ વર્ષ માટે અંદાજે ૩.300 કરોડનું બજેટ

ગાંધીનગરઃ ગુજરાત રાજ્ય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (Artificial Intelligence- AI) ક્ષેત્રે એક ઐતિહાસિક કૂદકો ભરવા જઈ રહ્યું છે. રાજ્યની પ્રતિષ્ઠિત GIFT City ખાતે ઈન્ડિયન એઆઈ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (IAIRO) ની સ્થાપના કરવાની મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, જે 1 જાન્યુઆરી 2026થી કાર્યરત બનશે.

IAIROને સ્પેશિયલ પર્પઝ વિહિકલ (SPV) તરીકે વિકસાવવામાં આવશે અને તેની રચના કંપની અધિનિયમ, 2013ની કલમ 8 હેઠળ નોન-પ્રોફિટ મેકિંગ ઈન્સ્ટિટ્યૂટ તરીકે કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે પ્રથમ પાંચ વર્ષ માટે અંદાજે 300 કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે, જેમાં રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને ખાનગી ભાગીદાર ત્રણેયનું 33.33 ટકા યોગદાન રહેશે. આ સંસ્થામાં ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ (IPA) એન્કર ખાનગી ભાગીદાર તરીકે જોડાયું છે અને વર્ષ 2025-26 માટે 25 કરોડનું યોગદાન આપશે. IPAમાં સિપ્લા, ટોરેન્ટ ફાર્મા, સન ફાર્મા સહિત દેશની 23 જેટલી અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપનીઓનો સમાવેશ થાય છે.

ગુજરાતની આ પહેલ કેન્દ્ર સરકારના ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના IndiaAI મિશન તેમજ રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના AI એક્શન પ્લાનના ઉદ્દેશ્યો સાથે સુસંગત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વ્યાપક ઉપયોગ દ્વારા આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને અન્ય સેવાઓમાં પરિવર્તનકારી સુધારાઓ લાવી લાખો લોકોના જીવનને વધુ સરળ અને સુખાકારી બનાવવા રાજ્ય સરકારે મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં AI ટાસ્કફોર્સની રચના પણ કરી છે.

આ દિશામાં આગળ વધતાં, IAIROને AI માટે મલ્ટી-ડિસિપ્લિનરી રિસર્ચ હબ તરીકે વિકસાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. IAIROની મુખ્ય પ્રવૃત્તિઓમાં અદ્યતન AI રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, AI આધારિત પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સનો વિકાસ, તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને સરકાર વચ્ચે ગાઢ સહયોગનો સમાવેશ થશે. સાથે સાથે, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી (IP) ક્રિએશન, કેપેસિટી બિલ્ડિંગ અને પોલિસી બેઝ્ડ રિસર્ચ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવશે.

BUSINESS મિત્ર

રૂપિયામાં રીકવરીઃ ફેડરલ રિઝર્વની ડિસેમ્બરની બેઠકની મીનીટસ પર નજર

બેઉતરફી વધઘટે સેન્સેક્સ-નિફ્ટી નજીવા ઘટ્યા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 30: નિફ્ટી વીકલી એક્સપાયરીના પગલે આજે ભારતીય શેરબજાર અસ્થિર જોવા મળ્યું હતું. છેલ્લે સેન્સેક્સ અને નિફ્ટી નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણ અને નબળા વૈશ્વિક સંકેતોએ બજારના સેન્ટિમેન્ટ પર દબાણ રાખ્યું હતું. આ સિવાય ફેડરલ રિઝર્વની ડિસેમ્બરની બેઠકની મીનીટસ જાહેર થાય તે પહેલા જ રોકાણકારો સાવચેત દેખાયા હતા. આ રિપોર્ટ અમેરિકામાં વ્યાજદરોની હિલચાલનો સંકેત આપશે.

સેક્ટર વાઈઝ જોઈએ તો મિશ્ર વલણ રહ્યું હતું. મેટલ ઈન્ડેક્સ અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ સુધારા સાથે બંધ રહ્યા હતા. જે 2 ટકાની આસપાસ વધ્યા હતા. જ્યારે ઓટો ઈન્ડેક્સ એક ટકા વધ્યો હતો. બીજી તરફ, આઈટી, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ડિફેન્સ સેક્ટરના શેરોના અડધાથી એક ટકાનો ઘટાડો નોંધાયો છે.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ ઘટીને રૂ. 471.93 લાખ કરોડ પર પહોંચ્યું હતું. આમ, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 22 હજાર કરોડનો ઘટાડો નોંધાયો છે. આજના કારોબારના દિવસ દરમ્યાન 108 શેરો બાવન વીકની ઉંચાઈએ પહોંચ્યા હતા, તેજ સમયે 195 શેરોએ બાવન વીકની સપાટી નીચલા સ્તર પર હતી.

બીએસઈ સેન્સેક્સ 20.46 પોઈન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 84675.08 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 84806 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84470 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. નિફ્ટી 3.25 પોઈન્ટ ઘટીને 25938.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25976 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25878 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 238.90 પોઈન્ટ એટલે કે 0.41 ટકા 59171.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે પારાદીપ ફોસ્ફેટસ 5.14 ગણા, વિશાલ મેગા માર્ટ 3.47 ગણા, હોનાસા કન્ઝ્યુમર 3.14 ગણા, રાષ્ટ્રીય કેમિકલ્સ 2.21 ગણા, બોમ્બે બર્મા ટ્રેડીંગ કોર્પોરેશન 2.11 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે હોનાસા કન્ઝ્યુમર 27.19 ગણા, કેપલીન પોઈન્ટસ 8.98 ગણા, બોમ્બે બર્મા ટ્રેડિંગ કોર્પોરેશન 8.61 ગણા, એસ્ટ્રાઝેનેકા ફાર્મા 5.47 ગણા અને મહારાષ્ટ્ર સીમલેસ 5.33 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ખરાબ પ્રદર્શન જોવાયું હતું. જે લાર્જકેપ શેરોની સરખામણીએ મિડકેપ અને સ્મોલકેપ શેરો વધુ નબળા રહ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.05 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.20 ટકા ઘટ્યો હતો. બીએસઈ માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઈ ખાતે 1936 શેરો વધ્યા હતા, જ્યારે 2252 સેરો ઘટ્યા હતા અને 171 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં સુધારો જોવાયો હતો. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2.03 ટકા વધ્યા હતા. જેમાં હિન્દુસ્તાન કોપર, જિન્દાલ સ્ટેનલેસ, નેલ્કો, સેઈલ, એનએમડીસી, જિન્દાલ સ્ટીલ, હિન્દાલ્કો, વેદાન્તા, ટાટા સ્ટીલ અને જેએસડબ્લ્યુ સ્ટીલ ઉછળ્યા હતા.

વૈશ્વિક સ્તરે એઆઈ બબલની દહેશત વચ્ચે વોલસ્ટ્રીટ પર ટેક વેચવાલી ચાલુ રહ્યા પછી મંગળવારે યુરોપિયન બજારો આગળ વધ્યું હતું, જ્યારે એસિયન બજારો મિશ્ર રહ્યા હતા. વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાએ સોમવારે નવી કવાયતની જાહેરાત કર્યા બાદ રોકાણકારો તાઈવાનની આસપાસ ચીનની લશ્કરી કવાયત પર ધ્યાન કેન્દ્રીત કરશે.

બીજી તરફ, ચાંદી રાતોરાત પ્રથમ વખત ઔંસ દીઠ 80 ડોલર સુધી પહોંચ્યા બાદ 6 ટકાથી વધુ પાછું ખેંચી લીધું હતું. આ એટલા માટે આવે છે કે કારણ કે કિંમતી ધાતુએ 2025માં મોટાપાયે રન અપ કર્યુ છે, જે વર્ષના સૌથી ગરમ વેપારમાંનું એક બનવા લગભગ 150 ટકા વધ્યું છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.40 ટકા, કેક 0.58 ટકા અને ડેક્સ 0.93 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં સ્ટ્રેઈટસ 0.47 ટકા, હેંગસેંગ 0.77 ટકા, જકાર્તા 0.03 ટકા અને શાંઘાઈ સપાટ બંધ રહ્યા હતા. જ્યારે નીક્કી 0.21 ટકા, તાઈવાન 0.36 ટકા, કોસ્પી 0.15 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં સુધારો જોવાયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 30: કરન્સી બજારમાં ડોલર 90ને ટચ કરી રહ્યો હતો, ત્યારે આજે કારોબાર દરમ્યાન 90ની નજીક ખુલ્યો હતો, પણ છેલ્લે સુધારા સાથે બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 20 પૈસાની રીકવરી જોવા મળી હતી અને છેલ્લે 89.79ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારેગ ત સેશન ડોલરની રૂપિયો 89.99ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 105.63, પાઉન્ડ 121.33, કેનેડિયન ડોલર 65.54, ઓસ્ટ્રેલિયન ડોલર 60.16, જાપાનીઝ યેન 0.5752 અને સીંગાપોર ડોલર 70.14ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	89.79 ₹.
યુરો	105.63 ₹.
પાઉન્ડ	121.33 ₹.
યેન	0.5751 ₹.

સેન્સેક્સ	-20.46	84675.08
નિફ્ટી	-3.25	25938.85
બેન્ક નિફ્ટી	238.90	59171.25

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇનાન્સ	2.50	979.40
હિનાદ્લ્કો	2